| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| GJJM010004442026 | सत्यमेव जयते | દાખલ તારીખ | : | ૧૧/૦૨/૨૦૨૬ | | |
| | | નોંધ્યા તારીખ | : | ૧૧/૦૨/૨૦૨૬ | | |
| | | ફેસલ તારીખ | : | ૦૧/૦૮/૨૦૨૬ | | |
| | | અવધિ | : | વર્ષ | માસ | દિવસ |
| | | | | ૦૦ | ૦૫ | ૨૧ |

**જામનગરનાં મહે. બીજા એડી. સેશન્સ જજ ( શ્રી વી. પી. અગ્રવાલ) સાહેબની કોર્ટ સમક્ષ, મુ. જામનગર.**

**ફોજદારી અપીલ નંબરઃ૬૮/૨૦૨૬**
**આંકઃ– ૦૯**

**એપેલન્ટઃ–** **વિકી અરવિંદભાઇ પરમાર,**
**(મૂળ આરોપી)** ઉ.વ.૩૫, ધંધો– નોકરી,
હે.ટોલાફળી, લુહાર શાળ,
ચાર રસ્તા, સેન્ટ્રલ બેંક સામે,
માંડવી ટાવર પાસે ,
જામનગર

**વિરૂદ્ધ**

**રીસ્પોન્ડન્ટઃ–(૧)** **તેજસ દિલીપભાઇ વારીયા,**
**(મૂળ ફરિયાદી )** ઉ.વ.૩૮, ધંધો–વકીલાત,
રહે.બ્લોક નં.૧, અનિલ એપાર્ટમેન્ટ,
માહી ડેરી સામે, સરુ સેકશન રોડ, જામનગર

(૨) **શ્રી ગુજરાત સરકાર,**
થ્રુ જિલ્લા સરકારી વકીલ,
રે. જામનગર

**બાબતઃ–** **ક્રિમિનલ પ્રોસીઝર કોડની કલમ–૩૭૪ અન્વયે અપીલ.**

==========================================

એપેલેન્ટ તરફે વિ. વકીલશ્રીઃ **પી.કે.પરમાર**

રીસ્પોન્ડન્ટ નં.૧ તરફે વિ.વકીલશ્રીઃ **બી.એલ.ઝાલા**

રીસ્પોન્ડન્ટ નં.૨ તરફે વિ.એડી.પી.પી.શ્રીઃ **આર.કે.વસીયર**

==========================================

**-:: ઠ રા વ ::-**

**(૧)** આ કામનાં એપેલન્ટ (મુળ આરોપી) એ હાલની આ અપીલ, જામનગરનાં ૫માં એડિશ્નલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટશ્રીએ ક્રિમીનલ કેસ નંબર-૧૩૬૭૭/૨૦૨૪ ના કામે તા.૧૨/૦૧/૨૦૨૬ ના રોજ આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ મુજબના ગુન્હા માટે તકસીરવાન ઠરાવી નીચે મુજબનો હુકમ કરેલ છે.

**(૧.૧)** સદર કામે આરોપી/એપેલેન્ટને તકસીરવાન ઠરાવી ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ-૧૩૮ ના ગુન્હા સબબ ૧ (એક) વર્ષની સાદી કેદની સજા તેમજ ચેકની રકમ રૂપિયા ૧,૮૫,૦૦૦/-ની રકમ ફરિયાદીને વળતર પેટે ચુકવી આપવા તથા વળતર ના ચુકવે તો વધુ ૩(ત્રણ) માસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવેલ છે.

**(૧.૨)** સદર હુકમથી નારાજ થઈ એપેલન્ટે હાલની અપીલ દાખલ કરેલ છે. એપેલન્ટે તેની અપીલના કારણોમાં જણાવેલ છે કે, નામદાર ટ્રાયલ કોર્ટ દ્વારા કરવામાં આવેલ હુકમ ગેરકાયદેસર અને ગેરબંધારણીય છે. નામદાર ટ્રાયલ કોર્ટે પુરાવાના મુલ્યાંકનનું ખોટુ અર્થઘટન કરીને આપેલ છે અને કાયદાના પ્રસ્થાપિત કરવામાં આવેલ સિદ્ધાંતોથી વિપરીત હકિકતોનો આધાર લઈ હુકમ કરેલ છે તે કુદરતી ન્યાયના સિદ્ધાંતોને ધ્યાને લીધા સિવાય કરવામાં આવેલ છે તેથી રદ્દ થવાને પાત્ર છે. નામદાર ટ્રાયલ કોર્ટે

ટ્રાયલ અદાલતમાં એપેલેન્ટને બચાવની પૂરતી નહિ આપી એકતરફી હુકમ કરેલ હોય જેથી રદ્દ થવાને પાત્ર છે. નામદાર ટ્રાયલ કોર્ટ દ્વારા સમગ્ર પુરાવો ધ્યાને નહિ લઇને પુરાવાને આઇસોલેટેડ કરી જોવામાં કાયદા અને હકીકતની ગંભીર ભૂલ કરેલ છે. નામદાર ટ્રાયલ કોર્ટે આ કામના રીસ્પોન્ડન્ટ નં.૧ (મૂળ ફરિયાદી) પોતાનું કાયદેસરનું લેણુ સાબિત કરી શકેલ નથી તેમજ અપેલેન્ટ વચ્ચેના સંબંધો રેકર્ડ ઉપર સાબિત કરેલ ન હોય જેથી હુકમ રદ્દ થવાને પાત્ર છે. નામદાર ઉપલી અદાલતોની ઓથોરીટીના સિદ્ધાંત મુજબ આરોપી વિરૂદ્ધનો કોઈ કેસ પુરવાર થયેલ ન હોવા છતાં આરોપીને તકસીરવાન ઠરાવી સજા અંગેનો જે હુકમ કરેલ છે તે ખોટો અને અયોગ્ય ઠરાવી નિર્દોષ ઠરાવી છોડી મુકવા અરજ ગુજારેલ છે.

(૨) આ કામના સામાવાળાઓને નોટિસ બજી જતાં સામાવાળા નંબર−૧ તરફે વિ.વ.શ્રી બી.એલ.ઝાલા, સામાવાળા નંબર−૨ તરફે વિ.એ.પી.પી.શ્રી વકીલશ્રી આર.કે.વસીચર હાજર થયેલ છે. પરંતુ તેમના તરફથી કોઈ લેખિત જવાબ રજુ કરેલ નથી. વધુમાં એપેલન્ટ/આરોપીએ અપીલ દાખલ કરતી વખતે આંક−૦૫ ની અરજી મુજબ આંક−૧૯ના ઠરાવના આખરી હુકમમાં જણાવ્યા મુજબનો સજાનો હુકમ મોકુફ રાખવા અરજી કરેલ છે. પરંતુ એપેલેન્ટ/આરોપીએ કરેલ આંક−૦૫ની અરજીની સુનવણી માટે આરોપી/એપેલેન્ટ આજ દિન સુધી હાજર રહેલ નથી.

(3) એપેલેન્ટ કે તેમના વકીલશ્રી સુનાવણી માટે હાજર ન રહેતાં કે કોઇ રીપોર્ટ/ રજૂઆત પણ નથી આથી એપેલેન્ટની અપીલ મેમોને જ આખરી દલીલ માનવી ન્યાયોચિત જણાઇ છે. એપેલેન્ટે પોતાની અપીલમાં જણાવેલ છે કે, હાલના એપેલન્ટ વિરુદ્ધ જામનગરનાં ૫માં એડી. ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટશ્રી

નાઓએ ક્રિમિનલ કેસ નંબર–૧૩૬૭૭/૨૦૨૪ ના કામે તા.૧૨/૦૧/૨૦૨૬ ના રોજ આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુન્હા માટે તકસીરવાન ઠરાવેલ છે. આ કામના એપેલન્ટ/મૂળ આરોપી વિરૂદ્ધ ફરિયાદીએ ખોટી, ઉભી કરેલી અને કાયદાનો દુરુપયોગ કરતી ફરિયાદ દાખલ કરેલ છે. ફરિયાદીના પુરાવાનુ મુલ્યાંકન કરવામાં કાયદાકીય ભૂલો કરેલ છે. જેથી ફરિયાદીએ કાયદામાં ઠરાવ્યા મુજબની લેણાં રકમ અંગેની કાયદેસરની નોટિસ બજવેલ ન હોય નામ.ટ્રાયલ કોર્ટનો હુકમ ભૂલ ભરેલ છે. વધુમાં નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ ની જોગવાઈઓનું પાલન કરેલ નથી. સદર ચેક એપેલન્ટે/આરોપીએ કાયદેસરના લેણાં પેટે આપેલ હોય તેવું પુરવાર થતુ નથી. તેમજ ફરિયાદી તથા આરોપી વચ્ચેના સંબંધો રેકર્ડ ઉપર સાબિત થતા ના હોય તેમ છતાં નામદાર કોર્ટે આરોપીને તકસીરવાન ઠરાવેલ છે,જે ગેરકાયદેસર અને ભૂલ ભરેલ હોય આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા હાલની અપીલ મંજૂર કરવા અરજ ગુજારેલ છે.

(૪) રીસ્પોન્ડન્ટ નંબર–૧ તરફે વિ.વ.શ્રીએ તેમની દલીલમાં જણાવેલ છે કે, નામદાર ટ્રાયલ કોર્ટે જે તારણોના આધારે એપેલન્ટ/આરોપીને નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ તકસીરવાન ઠરાવેલ છે, તે યોગ્ય અને ન્યાયિક છે. વધુમાં જણાવેલ છે કે, આ કામના એપેલેન્ટ/આરોપી ટ્રાયલ કોર્ટ સમક્ષ પણ હાજર ન રહેતા ફરિયાદીની ઉલટતપાસનો હક્ક બંધ કરવામાં આવેલ છે. આમ, ફરિયાદી તેના પુરાવાથી કાયદેસરના લેણાં પેટે ચેક આપેલ હોવાની હકિકત પુરવાર થયેલ હોય. વધુમાં આરોપીના સરનામે ચેક પરત ફર્યા અંગેની નોટિસ ધોરણસર રીતે બજાવવામાં આવેલ છે. આમ, નામદાર ટ્રાયલ કોર્ટે તેના હુકમમાં જે તારણો જણાવેલ છે તે યોગ્ય અને કાયદાના સિદ્ધાંત મુજબના

હોય સદર હુકમમાં હસ્તક્ષેપ કરવો ન્યાયોચિત જણાતુ ના હોય એપેલન્ટની અપીલ ખર્ચ સહીત રદ્દ કરવા અરજ ગુજારેલ છે.

(૫) આ કામે અપીલ મેમો, એપેલન્ટ તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા, દલીલ તથા ક્રિમિનલ કેસ નંબર–૧૩૬૭૭/૨૦૨૪ નુ અસલ રેકર્ડ ધ્યાને લેતાં, આ કોર્ટ સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ક્રિમિનલ અપીલના નિર્ણય માટે ઉપસ્થિત થયેલ છે.

**મુદ્દા નં.૧**

શું એપેલન્ટ પુરવાર કરે છે કે, જામનગરનાં ૫માં એડિશ્નલ ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટશ્રીએ ક્રિમિનલ કેસ નંબર–૧૩૬૭૭/૨૦૨૪ ના કામે તારીખઃ ૧૨/૦૧/૨૦૨૬ ના રોજ આરોપીને ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબના ગુનાના કામે આંક–૧૯ ના કામે હુકમ કરેલ છે. તે હુકમ ભૂલ ભરેલો, ગેરકાયદેસર અને કાયદાથી પ્રસ્થાપિત સિદ્ધાંત વિરુદ્ધનો હોય નીચેની અદાલતના નિર્ણયમાં હસ્તક્ષેપ કરી શકાય તેવી સ્થિતિ, સંજોગો અને પુરાવા રેકર્ડ ઉપર રજુ છે ?

**મુદ્દા નં.૨**

શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાઓ પરત્વેના નિર્ણયો કારણો સહીત નીચે મુજબ છે.

મુદ્દા નંબરઃ૧– **નકારમાં**

મુદ્દા નંબરઃ૨– **આખરી હુકમ મુજબ**

## -: કા ર ણો :-

**મુદ્દા નં.૧**

(૭) સદર કામે નામદાર ટ્રાયલ કોર્ટનું જજમેન્ટ ધ્યાને લેવામાં આવે તો, એપેલન્ટ વિરુદ્ધ ધી નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૮ મુજબ ફરિયાદ દાખલ થયેલ. ત્યારબાદ ફરિયાદીનું વેરિફિકેશન નોંધી આરોપીને સમન્સ ઈસ્યુ કરવામાં આવેલ. ત્યારબાદ આરોપી હાજર થતાં આરોપીનો જવાબ નોંધી, આરોપીએ ગુન્હાનો ઈન્કાર કરતાં ફરિયાદપક્ષે આંક–૫ થી ફરિયાદીનું પુરાવાનું સોગંદનામુ રજૂ કરવામાં આવેલ. જે આરોપી કે તેઓ તરફે તેમના વકીલશ્રી હાજર ન થતાં ઉલટતપાસનો હક્ક બંધ કરવામાં આવેલ. ત્યારબાદ ફરિયાદપક્ષ તરફથી રજૂ થયેલ પુરાવાનુ નીચેની અદાલતે આંક–૧૯વાળા હુકમમાં વિસ્તૃત મુલ્યાંકન કરેલ છે. જેમાં નીચેની અદાલતે ફરિયાદની હકિકત ફરિયાદીએ પુરવાર કરેલ હોવાનુ માનેલ છે. વધુમાં નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ–૧૩૯ ની જોગવાઈ મુજબ અનુમાનનું સફળતાપૂર્વક ખંડન કરવાની જવાબદારી બચાવપક્ષની રહેલ છે. જયાં સુધી વિરુદ્ધની હકીકત પુરવાર ન થાય ત્યાં સુધી ચેકના ધારણકર્તા દ્વારા મેળવવામાં આવેલ, લેણાં અથવા જવાબદારી પેટે આપવામાં આવેલ હોવાનું અનુમાન કરવાનુ રહે છે.

(૭.૧) વધુમાં ફરિયાદપક્ષ તરફથી રજુ કરેલ સમગ્ર પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો, ફરીયાદીએ આંક–૦૫ થી સરતપાસનુ સોગંદનામુ રજુ કરેલ છે. જેમાં ફરિયાદની હકિકતમાં સરતપાસની એફિડેવિટમાં પુનરાવર્તન કરેલ છે અને જણાવેલ છે કે, ફરિયાદી અને આરોપી બંને વચ્ચે મિત્રતાના સંબંધ હોય અને એકબીજાથી પરિચિત હોય આરોપીને પોતાના અંગત વપરાશ માટે રૂપિયાની જરુરીયાત પડતા આરોપીએ ફરિયાદી પાસેથી સંબંધના દાવે

રૂ.૨,૫૦,૦૦૦/- લીધેલા અને આરોપીએ પોતાના ખાતાનો ચેક આપેલો જે ચેક રીટર્ન થતા ફરિયાદીને જામનગરની કોર્ટમાં ફોજદારી કેસ નં.૨૦૫૯/૨૦૨૦ થી ફરિયાદ દાખલ કરેલ જે કેસ ચાલી જતાં પ્રથમ વખત સમાધાન કરવામાં આવેલ અને ફરિયાદીને આરોપીએ પોતાના ખાતાનો સમાધાનમાં ચેક આપવામાં આવેલ. ત્યારબાદ સમાધાન મુજબ ચેક પાકતી મુદતે બેંકમાં જમા કરાવતા વગર વસુલાતે સમાધાનનો ચેક પરત ફરેલ જેથી ફરિયાદીએ જામનગર કોર્ટમાં ફોજદારી કેસ નં.૬૭૮૬/૨૦૨૨ થી ફરિયાદ દાખલ કરેલ. જે ફરિયાદ અન્વયે ફરિયાદીને રૂ.૨,૫૦,૦૦૦/-પૈકી રૂ.૫૦,૦૦૦/-ની આરોપી દ્વારા ચુકવણી કરવામાં આવેલ અને બાકી રહેતી રકમ રૂ.૨,૦૦,૦૦૦/-ની ચુકવણીની નામદાર કોર્ટ રુબરુ બીજી વખત સમાધાન કરેલ અને ચેક આપેલ.

(૭.૨) ત્યારબાદ ફરિયાદીને રૂ.૨,૦૦,૦૦૦/-માંથી રૂ.૧૫,૦૦૦/- આપેલ અને બાકીની રકમ આરોપીએ સમય મર્યાદામાં ચુકવણી ના કરી શકતા ફરિયાદીએ આરોપી પાસેથી બાકી રહેતી રકમ રૂ.૧,૮૫,૦૦૦/-નો પોતાના ખાતા નં.૦૩૬૭૦૧૦૦૦૩૦૨૨૯ નો બેંક ઓફ બરોડા, રણજીત રોડ શાખાનો ચેક નં.૦૦૦૧૫૧ આંક-૯ વાળો ચેક આપવામાં આવેલ. આરોપીએ આપેલા ખાત્રી, વિશ્વાસ પર ભરોસો મુકી ફરિયાદીએ સદર સમાધાનનો ચેક તેમની સૂચના મુજબ ફરિયાદીએ પોતાની એચ.ડી.એફ.સી. બેંક, જામનગર બ્રાન્ચમાં નાખતા સદર ચેક કલીયરીંગ માટે રજૂ થતા આરોપીના ખાતામાં પર્યાપ્ત ભંડોળ ન હોવાના શેરા સાથે ડીસઓનર થઈ પરત આવેલ હતો. જે અંગે ફરિયાદીને આ અંગેની જાણ તારીખઃ ૧૬/૧૧/૨૦૨૪ ના રોજ રીર્ટનમેમાથી થયેલ. જે બાબતે આરોપીને જાણ કરવા છતાં આરોપી તરફથી આ રકમ ચૂકવવા

દરકાર ન કરતા ફરિયાદી દ્વારા તા.૨૦/૧૧/૨૦૨૪ ના રોજ આરોપીના સરનામે લીગલ નોટિસ પાવઠેલ જે નોટિસ તા.૨૧/૧૧/૨૦૨૪ ના રોજ બજી ગયેલ. ત્યારબાદ પણ આરોપીએ ચેક મુજબની લેણી રકમ ચૂકવવા કોઈ દરકાર કરેલ નથી જેથી ફરિયાદીએ હાલની ફરિયાદ કરેલ. આમ, ફરિયાદીને આરોપી પાસેથી કાયદેસર રીતે લેણી નીકળતી રકમ વસુલ મળેલ નથી. આરોપી અને ફરિયાદી વચ્ચે નાણાકીય લેતીદેતીના વ્યવહારો પણ થયેલ હતા.

(૭.૩) આમ, ફરીયાદપક્ષના સમગ્ર પુરાવાનુ મુલ્યાંકન કરતાં આરોપીને પોતાના અંગત વપરાશ માટે રૂપિયાની જરુરીયાત પડતા આરોપીએ ફરિયાદી પાસેથી સંબંધના દાવે રૂા.૨,૫૦,૦૦૦/- લીધેલા અને આરોપીએ પોતાના ખાતાનો ચેક આપેલો જે ચેક રીટર્ન થતા ફરિયાદીને જામનગરની કોર્ટમાં ફોજદારી કેસ નં.૨૦૫૯/૨૦૨૦, ૬૭૮૬/૨૦૨૨, ૧૨૪૯૮/૨૦૨૩ થી ફરિયાદ દાખલ કરેલ જેમાં પક્ષકારો વચ્ચે સમાધાન થયેલ અને ફરિયાદીને આરોપીએ બાકી રહેતી રકમ રૂા.૧,૮૫,૦૦૦/-નો પોતાના ખાતા નં.૦૩૬૭૦૧૦૦૦૩૦૨૨૯ નો બેંક ઓફ બરોડા, રણજીત રોડ શાખાનો આંક-૯ વાળો વાદગ્રસ્ત ચેક આપવામાં આવેલ. ફરિયાદીએ રજૂ કરેલ આંક-૯ વાળો વાદગ્રસ્ત ચેક આરોપીએ તેના કાયદેસરના લેણાં પેટે ચુકવ્યા હોવાની હકિકત જામનગરનાં ૫માં એડિશ્નલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટશ્રી નાઓએ આંક-૧૯ના ચુકાદામાં માનેલ છે તે યોગ્ય છે. આમ, આંક-૧૯ના ચુકાદામાં ૫માં એડિશ્નલ ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટશ્રી નાઓએ નામદાર વડી અદાલતના પ્રસ્થાપિત સિદ્ધાંતોને આધારે એપેલન્ટ/આરોપીના રહેઠાણના સરનામે નોટિસની બજવણી થઈ ગયેલ હોવાનુ જે માનેલ છે તે કાયદાના સિદ્ધાંત મુજબ યોગ્ય અને ન્યાયિક છે.

(૮) વધુમાં નામદાર સુપ્રિમ કોર્ટે કિશન રાવ વિરુદ્ધ શંકર ગોડા, (૨૦૧૮) ૮–એસ.સી.સી. પાના નંબર–૪૬૯માં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત મુજબ નેગોશીયેબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ અન્વયે ફરિયાદીની તરફેણમાં અનુમાન કરવાનુ રહે છે. આરોપીએ સદર અનુમાનોનું ખંડન સચોટ પુરાવાથી કરવુ પડે, માત્ર બચાવ લેવાથી ખંડન થયેલ હોવાનું માની શકાય નહિ. આમ, આરોપીએ ફરિયાદમાં જણાવેલ હકિકતોનુ સ્પષ્ટપણે ખંડન કરેલ નથી અને આરોપીની ગેરહાજરીના કારણે ઉલટતપાસનો હક્ક બંધ કરવામાં આવેલ. આમ, આંક–૯ વાળો વાદગ્રસ્ત ચેક એપેલન્ટ/આરોપીએ મૂળ ફરિયાદીને કાયદેસરના લેણાં પેટે આપેલ છે, તેમજ ફરિયાદી તરફે રજૂ થયેલા મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા ઉપરથી આંક–૯ વાળો ચેક આરોપીએ આપેલ છે તેના ઉપર આરોપીની સહી છે. સદર ચેક ફરિયાદીની બેન્ક ખાતામાં ભરતા " ફંડ ઈન્સફીસીયન્ટ "ના શેરા સાથે પરત ફરેલ અને જે લગતની નોટિસ સમય મર્યાદામાં આરોપીને મોકલાવેલ છે. ત્યારબાદ સમયમર્યાદામાં ફરિયાદ દાખલ થયેલ છે. સદર હકિકતનો બચાવપક્ષ દ્વારા કોઈ ખંડન થયેલ હોય તેવું નીચેની અદાલતના પુરાવાના મુલ્યાંકનમાં જણાય આવતુ નથી. કાયદાનો એવો પ્રસ્થાપિત સિદ્ધાંત છે કે, નીચેની અદાલતના હુકમમાં કોઈ ગંભીર પ્રકારની ભૂલ કે પરવરસીટી જણાઈ આવતી ના હોય ત્યાં સુધી અપીલ અદાલતે નીચેની અદાલતના હુકમમાં હસ્તક્ષેપ કરવો જોઈએ નહિ. આમ, ટ્રાયલ કોર્ટે રજૂ થયેલ પુરાવાને આધારે એપેલન્ટ/આરોપીને તકસીરવાન ઠરાવેલ હોવાનું તારણ યોગ્ય અને ન્યાયિક હોય અને તેમાં હસ્તક્ષેપ કરવો ન્યાયોચિત જણાતો ન હોય ત્યારે મુદ્દા નંબર–૧ નો જવાબ **"નકાર"** માં ઠરાવી મુદ્દા નંબર–૨ પરત્વે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**–:: હુકમ ::–**

(૧) એપેલન્ટ/આરોપીની હાલની ક્રિમિનલ અપીલ આથી **નામંજૂર** યાને **રદ્દ** કરવામાં આવે છે.

(૨) જામનગરનાં ૫માં એડી. ચીફ જયુડિશિયલ મેજીસ્ટ્રેટશ્રી નાઓએ પોતાની સમક્ષના ફોજદારી કેસ નંબર ૧૩૬૭૭/૨૦૨૪ ના કામે તારીખઃ ૧૨/૦૧/૨૦૨૬ ના રોજ આંક–૧૯ વાળો કરેલ હુકમ આથી કાયમ રાખવામાં આવે છે.

(૩) એપેલન્ટે/આરોપીએ નામદાર ટ્રાયલ કોર્ટ સમક્ષ સજા ભોગવવા હાજર રહેવુ. જો એપેલેન્ટ/આરોપી ટ્રાયલ કોર્ટ સમક્ષ હાજર ન રહે તો ટ્રાયલ કોર્ટે તેના વિરુદ્ધ સજા વોરન્ટ કાઢવું અને ટ્રાયલ કોર્ટના હુકમના અમલની કાર્યવાહી કરવી.

(૪) આ હુકમની એક નકલ ટ્રાયલ કોર્ટના અસલ રેકર્ડ સાથે નીચેની કોર્ટને તાત્કાલિક પરત મોકલી આપવી.

(૫) સદર હુકમની ખરીનકલ એપેલેન્ટ/આરોપીને વિના મુલ્યે પૂરી પાડવી.

(૬) સદર કામે ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજ રોજ તારીખઃ૦૧લી માહે ઓગષ્ટ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

જામનગર
તારીખઃ૦૧/૦૮/૨૦૨૬

**( વિજય પ્રેમચંદ અગ્રવાલ)**
બીજા એડિશ્નલ સેશન્સ જજ,
જામનગર
કોડ નંબરઃજીજે–૦૦૬૮૯